આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૪૧ | ૧૨ નવેમ્બર, ૨૦૧૩, મંગળવાર; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

દેવળ જેટલું પડખે એટલા
દેવ દૂર
- સ્વિસ કહેવત

ગંદકીના મામલે પદાધિકારીઓની લાલ આંખ

આજે સે-૭માં સફાઈ અભિયાન; મેયરે ડે. કમિશનર અને સેને. સુપ્રિ.ને નોટીસ ફટકારી : સફાઈના મુદ્દે ભ્રષ્ટાચાર : હસમુખ મકવાણા : સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને પણ તંત્ર એ કરેલી કામગીરીની વિગતો માંગી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગરપાલિકા શહેરની સ્વચ્છતાના મુદ્દે કુંભકર્ણની નિંદ્રામાંથી સફાળી જાગી છે અને હવે સેકટર વાર સફાઈનું વિશેષ અભિયાન હાથ ધરનાર છે. જો કે આજે સફાઈના મુદ્દે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ તંત્રના અધિકારીઓને ૧૦ દિવસનો સમય આપી કામ કરી બતાવવા તાકીદ કરી છે નહિ તો તમારી સામે સરકારમાં પાછા બોલાવી લેવા માટે જણાવશે તેવી ગંભીર ચીમકી આપી છે. બીજી તરફ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી આશિષ દવેએ અધિકારીઓ પાસે સફાઈના મુદ્દે તંત્રએ કરેલા ખર્ચની વિગતો તેમજ કર્મચારીઓની કામગીરીના અહેવાલની માંગણી કરી છે.

રોડ નં.૬, સેન્ટ્રલ સ્કૂલ સામે, સેક્ટર-૨૧

શાકમાર્કેટ, સેક્ટર-૨૧

શાકમાર્કેટ, સેક્ટર-૨૧

ચ-૬ કોર્નર, સેક્ટર-૨૧

ગાંધીનગર શહેરમાં ગંદકીના સવારે જ પોતાની ઓફિસમાં આવી અધિકારીઓને કડક તાકીદ કરતી નોટીસો બજાવતાં તંત્ર સફાળું જાગી ઉઠયું છે.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આ બાબતે મ્યુનિ. કમિશનરશ્રીને પણ એક ઉગ્ર પત્ર લખ્યો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત સેનેટરી સુપ્રિ. તેમજ ડે.મ્યુનિ. કમિશનરને નોટીસ થમાવી દેતાં તંત્રમાં હડકંપ મચી જવા પામી છે.

બીજી તરફ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ પણ ૧-૫-૨૦૧૩થી અત્યાર સુધીમાં સફાઈની થયેલ કામગીરી તેમજ સફાઈ પાછળ થયેલ ખર્ચની વિગતો માંગી હોવાનું જાણવા મળેલ છે.

દરમિયાન કોંગીના વધુ એક ૭ બહુ ચર્ચામાં રહ્યું હોવાથી આ સેકટરની પ્રથમ સફાઈ કરવાનો નિર્ણય કર્યો છે.

દિપાવલી પર્વ અને તેના પછી સ્વચ્છતા જળવાઈ રહે તે માટે અસરકારક આયોજનની પોકળતા છતી થતાં તંત્ર એ હવે શહેરની સ્વચ્છતાનો મુદ્દો અત્યંત ગંભીરતાથી હાથ પર લીધો છે.

મળતી વિગતો પ્રમાણે મેયરશ્રી એ તેમના પત્રમાં કેટલા સફાઈ કામદારો સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી તેની પણ વિગતો માંગી

● અનુસંધાન પાન-૭ પર

વૈજનાથ મંદિરની બાજુમાં, સેક્ટર-૨૧

થઈ રહેલા ખડકલાઓ સામે વસાહતીઓમાં ભારે રોષની લાગણી ઉભી થઈ રહી છે તેમજ આ પ્રશ્ને કાઉન્સીલરોની ફરિયાદો પણ તંત્રના બહેરા કાને અથડાતી નથી. પ્રભારી સચિવશ્રી સંજય પ્રસાદે પણ આ મુદ્દે બે થી ત્રણ વાર તંત્રના અધિકારીઓનો ઉધડો લીધો હતો પરંતુ નિભંર તંત્રના કાન આ વાત સાંભળતા જ ન હતા.

ગાંધીનગર શહેરની ગંદકી અખબારોના પાને ચમકયા બાદ આજે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ કાઉન્સીલર શ્રી હસમુખ મકવાણાએ તો સફાઈ વેરો વસુલ કરતું તંત્ર સફાઈ કરવામાં ઉણું ઉતર્યું છે અને આ મુદ્દે ભ્રષ્ટાચાર ચાલતો હોવાના આક્ષેપ સાથે એક પત્ર મ્યુનિ. કમિશનરને પાઠવ્યો છે.

શહેરની સ્વચ્છતાના મુદ્દે સફાળા જાગેલા તંત્ર એ આજે સે-૭માં સામુહિક સફાઈ અભિયાન હાથ ધરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

વાહકજન્ય રોગચાળા માટે સે-

મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ ૧૬મીએ કલોલની મુલાકાતે

પ્રાંત કચેરી અને બ્રીજનું લોકાર્પણ કરી તેઓ તેમના વિભાગોની કામગીરીની સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના મહેસુલ, શહેરી વિકાસ અને માર્ગ-મકાન વિભાગના મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ૧૬મીએ જિલ્લાના એક દિવસના પ્રવાસે છે. તેઓ કલોલમાં નવનિર્મિત પ્રાંત અધિકારીની કચેરીનું લોકાર્પણ કરશે.

શ્રીમતિ આનંદીબેન પટેલ કલોલ ખાતે નવનિર્મિત પ્રાંત કચેરીનું લોકાર્પણ કર્યા બાદ ત્યાં તેમના વિભાગની વિવિધ કામગીરી અંગે અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષા કરનાર છે.

કલોલ નગરપાલિકાની કામગીરી માટે પણ તેઓ વિશેષ સમીક્ષા કરનાર છે. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટર ઉપરાંત વિભાગના અધિકારીઓ પણ વિશેષ ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળેલ છે.

કલોલ નગરપાલિકાની કામગીરી સામે ઉભા થયેલા પ્રશ્નાર્થોને લઈ વાજ આવી ગયેલા તંત્રની સમગ્રતયા સમીક્ષા કરવામાં આવનાર છે. મુખ્યમંત્રીશ્રીની શહેરી વિકાસ સ્વર્ણીમ જયંતિ યોજનાની પણ સમીક્ષા મંત્રીશ્રી કરનાર હોવાનું જાણવા મળે છે. જિલ્લાની પ્રથમ નગરપાલિકાની કામગીરીની મંત્રીશ્રી દ્વારા સમીક્ષા થઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ પ્રાંત નવો રચાતાં પ્રાંત અધિકારીની નવી કચેરી બનાવવામાં આવી છે. આ નવી કચેરી રૂ. ૬૦ લાખથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.

મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ પ્રાંત કચેરીના લોકાર્પણ ઉપરાંત કલોલ નગરપાલિકાએ બનાવેલ બ્રીજનું પણ લોકાર્પણ કરનાર છે.

મહેસુલ મંત્રીશ્રીની મુલાકાતને લઈ તંત્ર આજે તેની તડામાર તૈયારીમાં વ્યસ્ત બની ગયું છે.

આજે પાણી પુરવઠો અર્ધો કલાક વહેલો બંધ થઈ જશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરનો પાણી પુરવઠો આજે નિયત સમય કરતાં અર્ધો કલાક ઓછો આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે નભોઈ પંથકમાં આજે સવારે ૮ થી ૪ વીજ પુરવઠો ન હોવાને કારણે પેયજળના પુરવઠાના સમયમાં આ ફેરફાર કરવાની તંત્રને ફરજ પડી છે.

પેયજળ પુરતા પ્રેસરથી સમગ્ર શહેરને મળી રહે તેમજ પુરતા પ્રમાણમાં મળે તે માટે તંત્રએ પુરી તકેદારી લીધી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં અત્યારે રોજનું ૨૫૦ લીટર પાણી માથાદીઠ પુરૂ પાડવામાં આવી રહ્યું છે. એક જ દિવસ પુરતો આ સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

આજે ગાંધીનગર જિલ્લાના જમિયતપુરામાં ખાસ ગ્રામસભા

કેન્દ્રીય સચિવની હાજરીમાં મહિલાઓના પ્રશ્ને પ્રથમવાર મળતી વિશેષ ગ્રામસભા : તંત્રની તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામે આજે કેન્દ્રના પંચાયત વિભાગના અધિક સચિવ શ્રી ઋષિકેશ પાંડાની ઉપસ્થિતિમાં વિશેષ ગ્રામસભા બપોરે ૧૨ વાગે મળશે.

ગામની મહિલાઓના પ્રશ્નો અંગે પ્રથમવાર આ ગ્રામસભા યોજાઈ રહી છે. આ ગ્રામસભામાં કેન્દ્ર સરકારના અધિક સચિવ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિતના અધિકારીઓ હાજરી આપનાર છે.

મળતી વિગતો પ્રમાણે શ્રી પાંડા સવારે હવાઈ માર્ગે અમદાવાદ આવી પહોંચશે. આ પછી તેઓ ગાંધીનગર આવી સીધા ગ્રામસભામાં હાજરી આપવા માટે જમિયતપુરા જશે. ત્યાંથી પરત આવી તેઓ પંચાયત સચિવ તેમજ ઉચ્ચ અધિકારીઓને મળશે.

વર્ષમાં ચાર ગ્રામસભાઓ યોજવામાં આવતી હોય છે. જેમાં તાલુકા કક્ષાની જિલ્લા કક્ષાની અને રાજ્યકક્ષાની તેમજ એક ગ્રામસભા ગ્રામ વિકાસના પ્રશ્નોને લઈ થતી હોય છે.

આ ગ્રામસભા વિશેષ યોજવામાં આવી છે અને તેમાં માત્ર ને માત્ર મહિલાઓને લઈ તેમના પ્રશ્નોની ચર્ચા કરાશે. ખાસ કરીને મહિલા સશક્તિકરણ માટે કેન્દ્રની જે યોજનાઓ તેમજ આરોગ્ય ક્ષેત્રે મહિલાઓની જે યોજનાઓ છે તેની ચર્ચા કરી અને સમીક્ષા કરવામાં આવશે.

ભાજપના સાંસદ દિનુ સોલંકી ૨૫મી સુધી જેલ હવાલે કરાયા

ભાજપના સાંસદના ચાર દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં ખાસ સીબીઆઈ કોર્ટમાં રજૂ કરાયા : દિનુની તકલીફ અકબંધ

અમદાવાદ, તા.૧૧

જુનાગઢ આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવા હત્યા પ્રકરણ કેસમાં સંકળાયેલા ભાજપના સાંસદ દિનુ બોઘા સોલંકીને ચાર દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં સીબીઆઈએ ખાસ સીબીઆઈ અદાલતમાં વધુ રિમાન્ડ અર્થે રજુ કર્યો હતો. જ્યાં ખાસ સીબીઆઈ અદાલતે તપાસ એજન્સી સીબીઆઈની વધુ રિમાન્ડની અરજી ફગાવી દઈ સાંસદ દિનુ બોઘા સોલંકીને ૨૫મી નવેમ્બર સુધી જ્યુડીશીયલ કસ્ટડીમાં રાખવાનો હુકમ કર્યો છે.

ચકચારી આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવા હત્યાકાંડમાં સંકળાયેલા જુનાગઢ જિલ્લાના ભાજપના સાંસદ દિનુ બોઘા સોલંકીને સીબીઆઈએ ચાર દિવસના રિમાન્ડ પર મેળવ્યો હતો. રિમાન્ડ દરમ્યાન સીબીઆઈએ દિનુ બોઘાની કોડિનાર ખાતેની ઓફિસ તથા ફાર્મહાઉસ પર તપાસ હાથ ધરી હતી. ઉપરાંત સોહરાબુદ્દીન એકાઉન્ટર કેસમાં સંકળાયેલ રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અમિત શાહને પોતાના ફાર્મહાઉસ પર આશરો આપવાના સંદર્ભમાં પણ દિનુ બોઘાની તપાસ હાથ ધરી છે. સીબીઆઈને દિનુ બોઘા વિરૂદ્ધ મજબુત પુરાવા મળ્યા છે. તપાસ એજન્સી સીબીઆઈએ દિનુ બોઘાના ચાર દિવસના રિમાન્ડ પૂર્ણ થતા હોઈ શહેરના મિરઝાપુર સ્થિત ખાસ સીબીઆઈ કોર્ટમાં વધુ રિમાન્ડ અર્થે રજુ કર્યો હતો પણ કોર્ટે સીબીઆઈની વધુ રિમાન્ડની અરજી ફગાવી દઈ સાંસદ દિનુ બોઘાને ૨૫ નવેમ્બર સુધી જેલ કસ્ટડીમાં રહેવા હુકમ કર્યો છે.

(તસવીર : વિપુલ ચૌહાણ)

ટ્રાફિક નિયમન ઝુંબેશ - ગાંધીનગર ટ્રાફીક પોલીસ દ્વારા ટ્રાફીકના નિયમોના પાલન માટે વિશિષ્ટ અભિયાન આરંભાયુ છે... છેલ્લા બે દિવસ દરમિયાન ટ્રાફીક પોલીસે ઠેર ઠેર વાહન ચાલકોને ટ્રાફીક નિયમન ભંગ બદલ ૩૦ હજારથી વધુનો દંડ વસુલ્યો હતો. આ ઉપરાંત અનેક કિશોરોને ઠપકો આપી નિયમોના પાલન માટે સમજાવ્યા હતા. વધતા જતા અકસ્માતોને નાથવા ટ્રાફીકના નિયમોનું પાલન કરવા માટે ટ્રાફીક પોલીસે ભાર મૂક્યો હતો.

Sleek
THE KITCHEN SPECIALIST
Now, you can double your kitchen storage!
AN ISO 9001:2008 COMPANY
RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11, Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

જગ્યા વેચાણ
અમદાવાદ, રાજકોટ મેઈન રોજ કેરલા GIDC મેઈન રોડ, હોસ્પિટલ લાયક, હોટલ લાયક જગ્યા
મો. : ૯૯૦૯૨ ૮૦૬૩૧

પ્લોટ વેચવાનો છે
બાવળામાં બંગલા પ્લોટ ૧૫૦ થી ૭૧૦ વાર સ્કીર
મો. : ૯૯૦૯૨ ૮૦૬૩૧

નૂતન વર્ષાભિનંદન સહ...
નવલું વર્ષ આપને સામાજિક, આર્થિક, ધાર્મિક, આરોગ્ય અને અન્ય તમામ ક્ષેત્રોમાં યશસ્વી અને ફળદાયી નિવડે એવી ભગવાન શ્રી સોમનાથ દાદાને પ્રાર્થના...
પ્રતિભાબેન કે. દવે પ્રમુખ
અંજનાબેન ગોર મહામંત્રી
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર

લાભ પાંચમથી નવું સરનામું
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧